# ગાંધીજીના ચિત્રવાળી નોટ સાથે વિવાદી રીલ બનાવનાર મહિલાની અટકાયત

**‘simranap143’** નામની આઈડીની સંચાલક સીમરન પટેલ દ્વારા રીલ બનાવાઈ હતી

સુરતઃ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ચિત્રને લઈને વાંધાજનક રીલ બનાવવા મામલે ઈન્સ્ટાગ્રામ યૂઝર આઈડી simranap143ની માલિક મહિલાની અટકાયત કરાઈ હતી.

ફરિયાદ મુજબ ભારતીય ગૌરક્ષા મંચના પ્રમુખ ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ હરજી ગામી (ઉં.વ.47) ગત તા.1 ઓક્ટોબરના રોજ ઘોડદોડ રોડ સ્થિત પોતાની ઓફિસમાં ઈન્સ્ટાગ્રામ ચલાવી રહ્યા હતા. દરમિયાન તેમને ‘simranap143’ નામનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ જોવા મળ્યું હતું. આ એકાઉન્ટની પ્રોફાઈલમાં ‘Simran Amit Patel’ નામ દર્શાવાયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ એકાઉન્ટ પર અપલોડ કરાયેલી રીલમાં એક મહિલા હાથમાં રૂ.500ની ચલણી નોટ લઈને મહાત્મા ગાંધીજીના ચિત્ર અંગે વાંધાજનક અને અશોભનીય શબ્દો બોલતી તથા હાવભાવ કરતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ અંગે અગાઉ લેખિત અરજી આપવામાં આવી હતી. અરજીની તપાસ બાદ તા.3 ઓક્ટોબર, 2026ના રોજ સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી યૂઝર આઈડી સંચાલન કરતી સિમરન નામની મહિલાની અટકાયત કરી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## ફૂલ, પાંદડાં, ઘઉં, ચોખા, મગ, દાળના ઉપયોગથી ભારતની વિકસિત છબી



સુરતના ઘોડદોડ રોડ ખાતે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિકસિત ભારત-2027, સેવાના રંગ રાષ્ટ્રના સંગ અંતર્ગત ચિત્ર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ફૂલ, પાંદડા, ઘઉં. ચોખા, મગ, દાળ સહિતની સામગ્રીનો ઉપયોગ કરી આજના અને આવનારા ભારતની કલ્પના કંડારી હતી.

(તસવીર : હેમંત ડેરે)









# SOGની ઓફિસ નજીકથી ડ્રગ્સ સાથે બે પેડલર ઝડપાયા

**સલાબતપુરાના** બંને શખ્સ ડ્રગ્સને નાની પડીકીમાં પેક કરી વેચવા લાવ્યા હતા

**ક્રાઈમ** બ્રાંચના દરોડામાં 16.690 ગ્રામ મેફેડ્રોન સહિત રૂ.1.96 લાખનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ SOG ઓફિસથી માત્ર 100 મીટરના અંતરે અને સિમ્ગા સ્કૂલ નજીકથી મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચની આર્મ્સ સ્કોડે બે ડ્રગ્સ પેડલરોને ઝડપી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે સગરામપુરા ક્ષેત્રપાળ દાદા મંદિર રોડથી સિમ્ગા સ્કૂલ તરફ જતાં રસ્તા પર ડ્રગ્સનું વેચાણ થવાનું છે. બાતમીના આધારે ટીમે રાત્રિના સમયે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ હિલચાલ કરતાં બે શખ્સને અટકાવી તપાસ કરતાં તેમની પાસેથી 16.690 ગ્રામ પ્રતિબંધિત મેફેડ્રોન (MD) ડ્રગ્સ, કિંમત રૂ.50,070 મળી આવ્યું હતું. પોલીસે પકડેલા શખ્સોની ઓળખ સરવરખાન ઉર્ફે શાહરૂખ નાસીર ખાન પઠાણ (ઉં.વ.26, રહે., રાબિયા એપાર્ટમેન્ટ, સગરામપુરા) અને ઉજેફ મહેમુદ શેખ (ઉં.વ.25, રહે., સલાબતપુરા) તરીકે કરી છે. બંને પાસેથી રૂ.23,700 રોકડા, રૂ.42 હજારની કિંમતના ત્રણ મોબાઇલ ફોન, ઇલેક્ટ્રિક વજનકાંટો તથા પારદર્શક ઝીપલોકવાળી 100 જેટલી નાની થેલીઓ મળી આવી હતી. પોલીસ તપાસમાં બંને શખ્સ આ MD ડ્રગ્સને નાની-નાની પડીકીમાં પેક કરી છૂટક વેચાણ માટે લાવ્યા હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે ડ્રગ્સના છૂટક વેચાણની દિશામાં પણ તપાસ હાથ ધરી છે. ડ્રગ્સની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતું બજાજ કંપનીનું બ્લેક કલરનું ઇલેક્ટ્રિક સ્કૂટર (નં. GJ 05 TG 5838) પણ કબજે કર્યું હતું. ડ્રગ્સ સહિત સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત રૂ.1,96,270 થાય છે.આ અંગે બંને આરોપીઓ વિરુદ્ધ અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બંનેની પૂછપરછ શરૂ કરી ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા શખ્સો સંકળાયેલા છે તે અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોપીપુરામાં અશાંતધારાના અમલની ખાતરી, જૈન મુનિનાં ધરણા સમેટાયાં

**પાવાગઢની** જૈન પ્રતિમા ખંડિત કરવાના કેસમાં કાર્યવાહી અને કતલખાના મુદ્દે પણ તંત્રની ખાતરી બાદ વિરોધનો અંત

સુરતઃ ગોપીપુરામાં અશાંતધારા કાયદાના ચુસ્ત અમલ સહિતની વિવિધ માંગણીઓને લઈ જૈન મુનિ જીનપ્રેમ વિજયજી દ્વારા કલેક્ટર કચેરી ખાતે શરૂ કરાયેલાં ધરણાનો આશરે ૨૮ કલાક બાદ અંત આવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓ સાથે જૈન મુનિઓ તથા સમાજના આગેવાનોની બેઠકમાં ગોપીપુરામાં મિલકતોના હસ્તાંતરણ સહિતના મામલામાં અશાંતધારાની જોગવાઈઓનું પાલન કરાવવાની ખાતરી આપવામાં આવ્યા બાદ વિરોધ સમેટાયો હતો.

ગતરોજ કતલખાનાના વિરોધમાં યોજાયેલી માર્ચ બાદ જૈન મુનિ જીનપ્રેમ વિજયજીએ શુક્રવારની સવારથી કલેક્ટર કચેરી ખાતે ધરણાં શરૂ કર્યાં હતાં. ગોપીપુરા વિસ્તારને જૈન વિસ્તાર તરીકે જાહેર કરવાની માંગણી, પાવાગઢ ખાતે જૈન પ્રતિમા ખંડિત કરવાના પ્રકરણમાં ન્યાય તથા કતલખાનાના મુદ્દાને લઈ શરૂ થયેલા આ વિરોધમાં મોડી રાત્રે જૈન સમાજના લોકો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. રાત્રિ દરમિયાન પણ ધરણા ચાલુ રહ્યાં હતાં અને વહેલી સવારે આશરે ૪ વાગ્યા સુધી મુનિ તથા અનુયાયીઓ કલેક્ટર કચેરી ખાતે રહ્યા હતા. બાદ સવારે ૭ વાગ્યાના અરસામાં ફરી ધરણા શરૂ કરાયા હતા. દરમિયાન બપોરે કલેક્ટર તેજસ પરમાર પગપાળા જૈન મુનિ તથા સમાજના આગેવાનો સાથે અઠવાલાઈન્સના અમીઝરા કોમ્પ્લેક્સ ખાતે આવેલા ઉપાશ્રયમાં પહોંચ્યા હતા. અહીં ડીસીપી ક્રાઈમ ભાવેશ રોજીયા સહિતના અધિકારીઓ અને જૈન સમાજના આગેવાનો વચ્ચે બેઠક યોજાઈ હતી.

ઉપરાંત કતલખાના મુદ્દે પણ જૈન સમાજ દ્વારા રજૂઆત કરાઈ હતી. લાંબા સમયથી આ મુદ્દે ન્યાયની રાહ જોવાઈ રહી હોવાની રજૂઆત સાથે જૈન સમાજની લાગણીઓ તંત્ર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સમગ્ર મામલે લાગુ કાયદા અને નિયમો મુજબ કાર્યવાહી કરવાની ખાતરી મળ્યા બાદ આશરે ૨૮ કલાકથી ચાલી રહેલાં ધરણા સમેટી લેવામાં આવ્યાં હતાં.

# દાગીના સાફ કરવાના બહાને ઠગાઈ કરતાં બે ભેજાબાજને મહિલાએ ચપ્પલથી ફટકાર્યા

**રસ્તા** વચ્ચે હાથ જોડીને માફી માંગતા રહ્યા, પોલીસને સોંપ્યા

સુરત : ઉધના સ્થિત કૈલાશનગરમાં ચાંદીના દાગીના સાફ કરી ચમકાવી આપવાના બહાને ઠગાઈ કરવા આવેલા બે ભેજાબાજોને સ્થાનિક લોકોએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. દાગીનાની સફાઈના બહાને હાથફેરો કરવાની કરતૂત સામે આવતાં જ આસપાસના લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. બંનેએ ભાગવાનો પ્રયાસ કરતાં લોકોએ તેમને ઝડપી રસ્તા વચ્ચે બેસાડી દીધા હતા.

બંને ભેજાબાજો જાહેરમાં ઝડપાઈ જતાં એક મહિલા રોષે ભરાઈ હતી. મહિલાએ પોતાના પગમાંથી ચપ્પલ કાઢી બંનેને ચપ્પલ ફટકારી દીધા હતા. લોકોના રોષથી ગભરાયેલા બંને શખ્સો રસ્તા પર બેસીને હાથ જોડીને માફી માગતા અને કરગરતા રહ્યા હતા. જોકે, મહિલાનો ગુસ્સો શાંત થયો ન હતો. કેટલાક સ્થાનિકોએ પણ બંનેને તમાચા ઝીંકી મેથીપાક ચખાડ્યો હતો. સ્થાનિકોએ બંનેને પકડી ઉધના પોલીસને સોંપ્યા હતા. પોલીસે પૂછપરછ કરતાં તેમની ઓળખ કૃષ્ણકુમાર અશોકકુમાર શાહ અને સાજનકુમાર ગયાનંદ શાહ તરીકે થઈ હતી. બંને મૂળ બિહારના ભાગલપુરના વતની હોવાનું અને હાલ અમરોલી આવાસમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે ઉધના પોલીસે બંને વિરુદ્ધ ચોરી અને ઠગાઈની ફરિયાદ નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મેટ્રો શરૂ થાય તે પહેલાં જ પીલરો પર હોર્ડિંગ્સ-બેનર્સની ભરમાર

**સંબંધિત** વેપારીઓ અને દુકાનદારોને ગેરકાયદે જાહેરાતો તુરંત હટાવી લેવા GMRCનો આદેશ, નહીં તો કાર્યવાહી

સુરતઃ શહેરમાં સ્વપ્ન સમાન મેટ્રો ટ્રેન પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે, પરંતુ મેટ્રો સેવા વિધિવત શરૂ થાય તે પહેલાં જ માર્ગો પર આવેલા તેના ઊંચા પીલરો પર સ્થાનિક દુકાનદારો અને વ્યવસાયીઓ દ્વારા મોટા હોર્ડિંગ્સ, પોસ્ટરો તેમજ બેનરો ચોંટાડી દેવામાં આવ્યા છે.



શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતાં આ પીલરો પર આડેધડ કરાયેલી જાહેરાતોને કારણે નવનિર્મિત મેટ્રોના પીલરો અત્યારથી જ ગંદા અને ભદ્દા નજરે પડી રહ્યા છે. આ બાબત ‘ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન’ (GMRC) ના ધ્યાન પર આવતા જ તંત્ર દ્વારા તાકીદે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તંત્રના અધિકારીઓએ પીલરો પર ચોંટાડવામાં આવેલા બેનરો અને પોસ્ટરો પર દર્શાવેલા કન્ટેક્ટ નંબરો પર સીધો સંપર્ક કરીને સંબંધિત વેપારીઓ અને દુકાનદારોને પોતે જ આ ગેરકાયદે જાહેરાતો તુરંત હટાવી લેવા માટે સ્પષ્ટ સૂચના આપી હતી.

જાહેર મિલકતને નુકસાન પહોંચાડતી અને ગંદકી ફેલાવતી આવી પ્રવૃત્તિઓ સામે જીએમઆરસી હવે આકરું વલણ અપનાવી રહ્યું છે. ભવિષ્યમાં કોઈ પણ અન્ય વ્યક્તિ, વેપારી કે સંસ્થા દ્વારા મેટ્રોના પીલરો પર આ પ્રકારે ગેરકાયદે રીતે બેનરો કે હોર્ડિંગ્સ લગાવવામાં ન આવે તે માટે જીએમઆરસી દ્વારા પીલરની આસપાસ સ્પષ્ટ ચેતવણી આપતા સૂચના બોર્ડ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સૂચના બોર્ડ છતાં જો કોઈ વ્યક્તિ કે સંગઠન દ્વારા પીલરોને ગંદા કરવાનો કે જાહેરાતો ચોંટાડવાનો પ્રયાસ કરવામાં આવશે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## 4 લાખ કારીગરોના હકો અને શ્રમ કાયદાના અમલ વચ્ચે ઉદ્યોગમાં ખેંચતાણ

સુરતઃ શહેરના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં સાપ્તાહિક રજા, લઘુત્તમ વેતન અને શ્રમ કાયદાના અમલના મુદ્દે કારીગરો તથા કારખાનેદારો આમને-સામને આવી ગયા છે. આશરે 4 લાખ કારીગરોના હકો અને નિયમોના અમલ અંગે ચર્ચા કરવા એમ્બ્રોઈડરી કારખાનેદારો દ્વારા આગામી 10 ઓક્ટોબરે મહાસંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાસંમેલન પૂર્વે સુરત એમ્બ્રોઈડરી એસોસિએશને ઝોનવાર ગ્રુપ મીટિંગો શરૂ કરી છે. અત્યાર સુધીમાં ૪થી ૫ ઝોનની બેઠકો યોજાઈ હોવાનું જાણવા મળે છે. સુરતમાં આશરે 5 લાખ એમ્બ્રોઈડરી મશીનો કાર્યરત હોવાનું ઉદ્યોગકારોનું કહેવું છે અને તેમાં કરોડો રૂપિયાનું મૂડીરોકાણ થયેલું છે.

## પાલ-હજીરા રોડ પર કેફેમાંથી માત્ર ૪ મિનિટમાં રૂ.૧.૮૦ લાખની ચોરી

સુરતઃ વેસુ કેનાલ રોડ પર આવેલ શ્યામ સંગીની સેલેસ્પિયલ ડ્રિમ સામે રહેતા ૩૬ વર્ષીય યશ નરેશભાઈ ગુરનાની પાલ-હજીરા રોડ સ્થિત સંગીની એસ્પાયર બિલ્ડિંગના પહેલા માળે ‘ટિબકો કે’ નામથી કેફે ચલાવે છે. ચોરીની જાણ થતાં સીસીટીવી ફૂટેજ તપાસતા તા. ૨૮/૦૯/૨૦૨૬ના રોજ વહેલી સવારે ૦૫:૨૦ વાગ્યે એક અજાણ્યો ઈસમ બાથરૂમની બારીમાંથી અંદર પ્રવેશ્યો હતો. ત્યારબાદ તે ઓફિસમાં જઈ ડ્રોઅરમાંથી રોકડ રકમ પોતાના ખિસ્સામાં સરકાવી લેતો દેખાયો હતો. સાથોસાથ તેણે સિક્કાઓ ભરેલી થેલી પણ ઊંચકી હતી, કેશ કાઉન્ટરમાંથી રોકડા ચોરીને ૦૫:૨૪ વાગ્યે બહાર નીકળી ગયો હતો. માત્ર ૪ મિનિટમાં રૂ.૧.૮૦ લાખ ચોરી ભાગી છૂટેલા ચોર સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આજે SDCAની સામાન્ય સભા, ઓડિટરના રિપોર્ટ મુદ્દે તોફાની બનશે?

**વહીવટમાં** વિશ્વાસમાં નહીં લેવાતાં સત્તાધારી-પરિવર્તન પેનલના 8થી 9 સભ્ય નારાજ, વિપક્ષના ડિરેક્ટરો પસ્તાળ પાડે એવી સંભાવના

સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (SDCA) ની વાર્ષિક સાધારણ સભા આવતીકાલે રવિવારે સવારે 10 વાગ્યે યોજાવાની છે.

SDCAના સભ્યોમાં ચાલતી ચર્ચા મુજબ, સંસ્થાના વહીવટી નિર્ણયો અને કામગીરીમાં કારોબારી સભ્યોને પૂરતા પ્રમાણમાં વિશ્વાસમાં લેવામાં આવતા ન હોવાના મુદ્દે સત્તાધારી તથા પરિવર્તન પેનલના મળીને આશરે 8થી 9 સભ્યમાં અસંતોષ હોવાનું કહેવાય છે. બીજી તરફ વિપક્ષના આશરે ત્રણ સભ્યો પણ વહીવટી કામગીરીને લઈને નારાજ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સ્થિતિને પગલે આવતીકાલની સામાન્ય સભામાં સત્તાધીશો સામે પ્રશ્નોની ઝડી વરસે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

SDCAના ઓડિટર દ્વારા વહીવટ અંગે ઉઠાવવામાં આવેલા કેટલાક મુદ્દાઓ પણ આવતીકાલની સામાન્ય સભામાં ચર્ચાનું કેન્દ્ર બની શકે છે. ખાસ કરીને લાખો કે કરોડોના કામો માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી કે નહીં તથા ત્રણ કે તેથી વધુ ક્વોટેશન મેળવવામાં આવ્યા હતા કે નહીં તે અંગે વિપક્ષી સભ્યો દ્વારા સ્પષ્ટતા માગવામાં આવે તેવી ચર્ચા છે. સભ્યોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, જો કામો માટે નિયમિત ટેન્ડર પ્રક્રિયા કે પૂરતા ક્વોટેશન વિના નિર્ણય લેવાયા હોય તો તેના કારણો અને પ્રક્રિયા અંગે જવાબદારી નક્કી કરવા સવાલો ઊઠી શકે છે. SDCAની કામગીરીમાં ક્રિકેટના વિકાસની સરખામણીએ મનોરંજનલક્ષી કાર્યક્રમો પાછળ વધુ ધ્યાન આપવામાં આવે છે કે કેમ તે મુદ્દો પણ કેટલાક સભ્યો દ્વારા પ્રશ્ન સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે. ક્રિકેટ સંબંધિત કાર્યક્રમો અને પસંદગી પ્રક્રિયામાં તટસ્થતા જળવાઈ રહી છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હોવાની માહિતી છે.

આ મુદ્દે ક્રિકેટ સેક્રેટરી પાસેથી સ્પષ્ટીકરણ માંગવામાં આવે તેવી પણ ચર્ચા SDCAના સભ્યોમાં ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, HC પેનલના વિજેતા અને પરાજિત ઉમેદવારો તથા તેમના સમર્થકો વચ્ચે તાજેતરમાં થયેલી સંવાદ બેઠકમાં SDCAના વહીવટ અંગે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં સામાન્ય સભામાં વિવિધ મુદ્દાઓ અંગે સીધો જવાબ માંગવાની નીતિ અપનાવવાનો નિર્ણય લેવાયો હોવાની ચર્ચા છે.



# ‘દિલ છે હિન્દુસ્તાની’ નાટક પ્રેક્ષકોનાં દિલ જિત્યું નહીં

સુરતઃ સુરત મનપાની નાટ્ય સ્પર્ધામાં સાતમાં દિવસે પંકજ પાઠકજી લિખિત, તેજસ ટેલર દિગ્દર્શિત ‘દિલ છે હિન્દુસ્તાની’ નાટક ભજવાયું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, નાટકની શરૂઆત જ એક રસપ્રદ અને ગૂંચવણભરી પરિસ્થિતિથી થાય છે. ગોવાની એક હોટલમાં બે નવપરિણીત યુગલો હનીમૂન માટે ચેક-ઈન કરે છે. બંને પોતપોતાના લગ્નજીવનની નવી શરૂઆત કરવા આવ્યા છે. જોકે, બંને કપલમાં એક-એક પાત્ર અગાઉ પરણેલું છે. હનીમૂનના પહેલા દિવસે જ અચાનક બંને કપલના અગાઉ પરણેલા પતિ અને પત્ની એકબીજાને જોઈ લે છે. નાટકમાં નવોદિત કલાકારો મયુર ઠાકોર, આદિત્ય દવે, આરતી ગાંધી અને જન્નત મનસુરી નાટકને પ્રેક્ષકો સુધી લેખકે લખેલા નાટક પહોંચાડવાનો પૂરતો પ્રયત્ન કર્યો. ચેતન કણિયાની કલાસજ્જા, શૌનક પંડ્યાનું સંગીત, મિતુલ હરીશ લુહારનું પ્રકાશ આયોજન નાટકને વહેતું રાખવામાં સહાયક બન્યું. ધીમી ગતિ કંટાળાજનક ક્ષણ સાથે આદિત્ય દવે નાટકને હળવું રાખવાના પ્રયત્ન કર્યા હતા.

**આજે કયું નાટક ભજવાશે?**

નાટ્ય સ્પર્ધામાં આવતીકાલે રવિવારે રંગપૂજા થિયેટરનું “‘પરણેલાની પૂંછડી વાંકી’ નાટક રજૂ થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ‘ગુજરાતમિત્ર’ના પૂર્વ કર્મચારી કમલેશ પારેખનું નિધન



સુરતઃ ‘ગુજરાતમિત્ર’ના પૂર્વ કર્મચારી અને જાયન્ટ્સ સહિત અનેક સંસ્થાઓમાં સક્રિય કમલેશભાઈ પારેખ (ઉં.વ.71, રહે. પાલ, ગેલેક્સી સર્કલ પાસે, નિલકંઠ હાઈટ્સ, બી-201)નું તા.3જી સપ્ટે.ના રોજ આકસ્મિક નિધન થયું છે. તેઓ મિલનસાર અને હસમુખા હતા. પોતાના પરિવારમાં તેઓ પત્ની, પુત્રી-જમાઈ અને દૌહિત્રને વિલાપ કરતાં મૂકી ગયા છે.

### શ્રી કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટને રૂ. ૫૧,૧૧૧નું દાન મળ્યું



સુરત : સ્વ. શાંતાબેન રંગીલદાસ વાંસવાલાનાં શ્રાદ્ધ નિમિત્તે રામમઢીનાં સંત મુળદાસ બાપુનાં સેવક યોગેશભાઇ હીરાલાલ પટેલ તથા જયોતિબેન યોગેશભાઇ પટેલ તરફથી કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટને રૂ. એકવન હજાર એક સો અગિયાર રૂપીયાનું દાન આપવામાં આવ્યું હતું. કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટનાં ઉપપ્રમુખ શંકરભાઇ પટેલ, મંત્રી અજયભાઇ ગાંધી, સહ મંત્રી સમીરભાઇ વ્યાસ અને ખજાનચી ઉમેશભાઇ દેસાઇએ પટેલ પરિવાર તરફથી મળેલા દાનનો સ્વીકાર કર્યો હતો અને દાતાઓનો આભાર માન્યો હતો.

### પંચમ્ ગ્રુપ દ્વારા કલ્યાણજી-આણંદજી અને લક્ષ્મીકાંત-પ્યારેલાલના ગીતોની સ્પર્ધા આજે

સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા સંગીતકાર કલ્યાણજી આણંદજી અને લક્ષ્મીકાંત પ્યારેલાલના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ આગામી રવિવાર તા.૪થી ઓક્ટોબરના બપોરે ૪થી૮ આલાપ સ્ટુડિયો, નિશાલ આર્કેડ, નિશાલ સર્કલ, પાલ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસીકોને કાર્યક્રમો માણવા આમંત્રણ અપાયું છે.

### સફાઈમાં કોન્ટ્રાક્ટ પ્રથા સામે વિરોધમાં 4થીએ વિશાળ સભાનું આયોજન

સુરતઃ ગુજરાત રાજયમાં સફાઇ કામની કામગીરી સાથે વાલ્મીકિ, નાડીયા અને મેઘવાડ સમાજ સંકળાયેલા છે. વર્ષો પહેલા માથે મેલુ ઉપાડવાની કામગીરી વાલ્મીકિ સમાજ કરતો હતો. આ સમાજના મોટા ભાગના લોકોનું જીવન નિર્વાહ સફાઇ કામગીરી ઉપર નિર્ભર છે. ત્યારે સરકાર ધ્વારા કોન્ટ્રાક્ટ સિસ્ટમ દાખલ કરી આ સમાજને ભૂખમરામાં ધકેલવાના પ્રયાસ શરૂ કરેલ છે. રાજય સરકારે કોન્ટ્રાકટરોના લાભાર્થે શરૂ કરેલ કોન્ટ્રાક્ટ સિસ્ટમને અમે વખાડીએ છીએ. ગુજરાત સરકાર રાજયમાંથી સફાઈકામની કોન્ટ્રાકટ સિસ્ટમ નાબૂદ કરે તે માટેની માંગણી કરીએ છીએ. તા.૪/૧૦/૨૦૨૬ ના રોજ સુરત ખાતે સફાઇ કામગીરી સાથે સંકળાયેલા અનુસુચિતજાતિ-અનુસુચિત જનજાતિ ના આગેવાનો કાર્યકરોની વિશાળ સભા રાખવામા આવેલ છે. આ સભામાં સમગ્ર ગુજરાતમાંથી સફાઇ કામની કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવા ના આગળના કાર્યક્રમો નક્કી કરવામાં આવશે એમ સુરતના વાલ્મીકિ સમાજના આગેવાનો ભાઈલાલ બી. વૈષ્ણવ, જયંતિભાઈ વાઘેલા,શશીકાન્તભાઈ સોલંકી,પ્રવીણભાઈ પટેલ, કિરીટભાઈ વાઘેલા, ઇકબાલભાઈ શેખ, હરીશભાઈ રાઠોડ, વિજયભાઈ શેણમારે એ એક નિવેદનમાં જણાવેલ છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદમાં રાજન ભટ્ટ સતત ત્રીજી ટર્મ માટે ઉપપ્રમુખ ચુંટાયા



સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદની 2027થી 2029ની મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં હાલના ઉપપ્રમુખ રાજન ભટ્ટ દાતા વિભાગમાં ઈલ્યાસભાઈ રેલ્વૈવાળાના પ્રતિનિધિ રૂપે સતત ત્રીજીવાર બીનહરીફ ચૂંટાઇ આવ્યા છે. આ ટર્મમાં સુરતથી બકુલ ટેલર, કપિલદેવ શુક્લ, રૂપીન પચ્ચીગર, ધનંજય દેસાઈ, મયંક ત્રિવેદી, પંકજ પાઠકજી, નરેશ કાપડીઆ, દીપક નાયક અને મેહુલ દેસાઈએ ઉમેદવારી નોંધાવી છે. સમગ્ર ગુજરાતના સાહિત્યકારો સુરત સહિત અન્ય સ્થળેથી 93 ઉમેદવારો ઊભા રહ્યા છે. તેમાંથી 40ને મતદાન કરવું અનિવાર્ય છે. ચૂંટાયેલા ઉમેદવારમાંથી 17 ઉમેદવારો કાર્યકારી સમિતિ માટે મધ્યસ્થ સમિતિ દ્વારા ચૂંટણીથી ચૂંટાશે.

### સોની ફળિયા અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીના હોદ્દેદાર નિમાયા



સુરતઃ સોનીફળિયા અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. સુરત ચેરમેનપદે નવીનચંદ્ર ચપડીયા અને મંત્રીપદે ધનેશ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### પ્રજાના સેવક બનશો તો ચૂંટણી વખતે વોટ માંગવો નહીં પડેઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈનભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, ભૌતિકપદ, પદાર્થ, પૈસા, પરિવારના અધુરા દર્શને જીવનમાં રાગની આગ સર્વત્ર વ્યાપ્ત થાય છે, પૂર્ણદર્શને વિરાગ થાય છે. પદનો મદ જીવનને પાયમાલ કરી નાંખે છે. પ્રજાના સેવક બની પ્રજા માટે જો કામ કરશો તો ઇલેક્શન વખતે તમારે વોટ માંગવા કે નોટ વહેંચવા નહીં જવું પડે. મહાત્મા ગાંધી કે લાલ બહાદુર શાસ્ત્રી જેવા નેતૃત્ત્વની આ દેશને જરૂર છે. જેમને મળવા માટે પ્રજાએ આંટાફેરા કરવા પડે તેવા નેતૃત્ત્વની જરૂર નથી. પૂર્વના રાજાશાહીના સમયમાં પશુ પણ ઘંટનાદ કરીને રાજા પાસે ન્યાય માંગી શકતા હતા. આજે લોકશાહીના સમયમાં ન્યાય માટે માનવ જાતે વર્ષો સુધી કોર્ટમાં પગથિયા ઘસી નાંખવા પડે તોય ન્યાય મળતો નથી.

### પિતાવિહોણી દીકરીઓના હુનરને મળશે મંચ, ૪ ઓક્ટોબરે ‘હુનરનો મહોત્સવ’

સુરતઃ પિતાવિહોણી દીકરીઓમાં રહેલી કલા, કૌશલ્ય અને આત્મનિર્ભરતાની પ્રતિભાને પ્રોત્સાહન આપવા પી.પી. સવાણી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ‘સેવા સંગઠન’ પરિવાર દ્વારા ‘હુનરનો મહોત્સવ-૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૪ ઓક્ટોબરે યોજાનારા આ એક્ઝિબિશનમાં દીકરીઓ પોતાની કુશળતાથી તૈયાર કરેલી વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ, હસ્તકલા તથા અન્ય સુંદર કૃતિઓનું પ્રદર્શન અને વેચાણ કરશે.જીવનના સંઘર્ષો વચ્ચે સ્વબળે આગળ વધી આત્મનિર્ભર બનવા તરફ પ્રયાણ કરતી દીકરીઓને યોગ્ય મંચ મળે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે હેતુથી આ મહોત્સવ યોજાઈ રહ્યો છે. આયોજકોએ સુરતના નાગરિકો, વેપારીઓ, શ્રેષ્ઠીઓ અને સ્નેહીજનોને પ્રદર્શનની મુલાકાત લઈ દીકરીઓનો ઉત્સાહ વધારવા અપીલ કરી છે. પ્રદર્શન સવારે ૯થી સાંજે ૭ વાગ્યા સુધી જે.કે. સ્ટાર હોલ, સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, મીની બજાર, વરાછા રોડ ખાતે યોજાશે.